# COVID-19 અને અક્ષમતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો: માર્ગદર્શન


1. અક્ષમતા ધરાવતી વ્યક્તિઓના સ્વાસ્થ્ય માટેના અધિકાર પર COVID-19ની શું અસર થઈ છે?
2. સંસ્થાઓમાં રહેતાં અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓ પર COVID-19ની શું અસર થઈ છે?
3. અક્ષમતા ધરાવતી વ્યક્તિઓના સમુદાયની અંદર રહેવાના અધિકાર પર COVID-19ની શું અસર થઈ છે?
4. અક્ષમતા ધરાવતી વ્યક્તિઓના કામ, આવક અને જીવનનિર્વાહ પર COVID-19ની શું અસર થઈ છે?
5. અક્ષમતા ધરાવતી વ્યક્તિઓના શિક્ષણના અધિકાર પર COVID-19ની શું અસર થઈ છે?
6. અક્ષમતા ધરાવતી વ્યક્તિઓના હિંસાથી રક્ષણ માટેના અધિકાર પર COVID-19ની શું અસર થઈ છે?
7. અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓની વધુ પ્રમાણમાં સંખ્યા ધરાવતા ચોક્કસ વસ્તી જૂથો પર COVID-19ની શું અસર થઈ છે?
    a. અક્ષમતાઓ વાળા કેદીઓ
    b. અક્ષમતાઓ ધરાવતા, પૂરતી રહેણાંક સુવિધા ન ધરાવતા લોકો


## સર્વસામાન્ય નિરીક્ષણ

જ્યાં COVID-19 મહામારી સમાજના તમામ સભ્યોને સામે જોખમ ઊભું કર્યું છે ત્યારે, અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓ પર COVID-19ના પ્રતિસાદ દ્વારા ઊભા થયેલા અભિગમીય, વાતાવરણીય અને સંસ્થાકીય અવરોધોને કારણે વિષમપ્રમાણ અસર થઈ છે.

અક્ષમતા ધરાવતા ઘણા લોકો પહેલેથી જ હોય તેવી સ્વાસ્થ્ય સ્થિતિઓ ધરાવતા હોય છે જે તેમને વાઇરસના ચેપની જલ્દી અસર થવાને પાત્ર બનાવે છે, જેનાથી ચેપ લાગે ત્યારે વધુ ગંભીર લક્ષણો અનુભવાય છે, જેનાથી મૃત્યુની સંભાવના વધી જાય છે. COVID-19 સંકટ દરમ્યાન, અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ કે જેઓ તેમના રોજિંદા જીવન માટે ટેકા ઉપર આધાર રાખતી હોય છે, તેઓ પોતાને એકલા અને લોકડાઉન ઉપાયો દરમ્યાન ટકી રહેવામાં અસમર્થ સ્થિતિમાં પામે તેમ બની શકે, જ્યારે સંસ્થાઓમાં રહેતા હોય તેવા લોકો વિશેષરૂપથી હાનિનો ભોગ બને તેવા હોય છે, જેનો પુરાવો રહેણાંક કાળજી ગૃહો અને મનોચિકિત્સકીય સુવિધાઓમાં અતિશય વધુ સંખ્યામાં મૃત્યુઓ છે. અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ માટે સ્વાસ્થ્ય સેવાઓ અને માહિતી સુગમ કરવા સામેના અવરોધો વધુ પ્રબળ થયેલા છે. અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓને હજી પણ જીવનનિર્વાહ અને આવક માટે ટેકાની

સુગમતામાં , શિક્ષણના ઓનલાઇન સ્વરુપોમાં સહભાગી બનવામાં, અને હિંસા સામે રક્ષણ માંગવામાં ભેદભાવ અને અન્ય અવરોધોનો સામનો થતો રહે છે. અક્ષમતા ધરાવતી વ્યક્તિઓના ચોક્કસ જૂથો, જેમ કે કેદીઓ અને એવા લોકો જેઓ ઘર વિનાના અથવા પૂરતી રહેણાંક સુવિધા વિનાના છે, તેઓ હજી વધુ જોખમોનો સામનો કરે છે.

આ જોખમો અંગે જાગૃતિ વધુ સારા પ્રતિસાદો તરફ દોરી જાય છે જે અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓ દ્વારા અનુભવાતી વિષમપ્રમાણ અસરોને હળવી કરી શકે છે. આ માર્ગદર્શનના હેતુઓ આ છે:

- અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ અને તેમના અધિકારો પર મહામારીની અસર વિશે જાગૃતિ લાવવી;
- દુનિયાભરમાં અગાઉથી જ હાથ ધરાઈ રહેલાં અમુક આશાકારક અમલીકરણો તરફ ધ્યાન દોરવું;
- રાજ્યો અને અન્ય હિતધારકો માટે ચાવીરૂપ પગલાંઓની ઓળખ કરવી; અને
- અક્ષમતા ધરાવતી વ્યક્તિઓનો સમાવેશ કરતા હોય તેવા, અધિકારો આધારિત COVID-19 પ્રતિસાદો વિશે વધુ જાણકારી માટે સંસાધનો પૂરા પાડવા.

## 1.અક્ષમતા ધરાવતી વ્યક્તિઓના સ્વાસ્થ્ય માટેના અધિકાર પર COVID-19ની શું અસર થઈ છે?

COVID-19ના જોખમનો વિશેષરૂપથી સામનો કરતાં હોય તેવા વસ્તીસમૂહનો ભાગ હોવા છતાં, મહામારી દરમ્યાન સ્વાસ્થ્ય માહિતી અને વાતાવરણ સુગમ ન હોવા, તેમજ પસંદગીની જ હોય તેવી તબીબી માર્ગદર્શિકાઓ અને પ્રોટોકોલ્સ કે જે અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓ સ્વાસ્થ્યકાળજી જોગવાઈઓમાં સામનો કરતાં હોય તેવા ભેદભાવને બૃહદરૂપમાં દર્શાવે છે તેમને કારણે અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓ સ્વાસ્થ્યકાળજીને સુગમ કરવામાં હજી વધુ અસમાનતાઓનો સામનો કરી રહ્યાં છે. આ પ્રોટોકોલ્સ ઘણી વખત અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ સામે તેમના જીવનની ગુણવત્તા અને સામાજિક મૂલ્યો સંબંધિત તબીબી પૂર્વગ્રહને છતો કરે છે. ઉદાહરણ તરીકે, અમુક ચોક્કસ પ્રકારની અક્ષમતાઓ, રોજિંદા જીવન માટે વધુ આધારની જરૂરિયાતો, "નબળાઈ", "ઉપચારની સફળતા"ની સંભાવનાઓ, તેમજ જો તેઓ બચી જાય તો બચેલા "આયુષ્ય-વર્ષો" અંગેના અંદાજાઓ પર આધારિત બાકાતીના માપદંડ સાથેની મર્યાદિત સંસાધનોની ફાળવણી વિશેની ટ્રાએજ (સારવાર નિર્ધારણ) માર્ગદર્શિકાઓ. અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓ અને તેમના પરિવારોએ સ્વાસ્થ્ય પ્રણાલીની અંદર પણ ફરી સાજા થવાના ઉપાયોનો ત્યાગ કરવા માટે દબાણનો સામનો કર્યો છે.

## અમુક આશાકારક અમલીકરણો ક્યા છે?

- **સાન મરિનો રિપબ્લિકની** બાયોએથિક્સ સમિતિએ ટ્રાએજ વિશે COVID-19 માર્ગદર્શન તૈયાર કર્યું છે,જે અક્ષમતાના આધારે ભેદભાવને પ્રતિબંધિત કરે છે: "આથી, પસંદગીની એકમાત્ર પારમિતિ, ટ્રાએજને યોગ્ય રીતે લાગુ કરવું, દરેક માનવ જીવનને, નૈદાનિક યોગ્યતા અને ઉપચારોના યથાપ્રમાણના માપદંડને આધારે આદર આપવો છે. પસંદગીના અન્ય કોઈપણ માપદંડો,

જેમ કે, ઉંમર, લિંગ, સામાજિક અથવા વંશીય જોડાણ, અક્ષમતા, નૈતિક રીતે અસ્વીકાર્ય છે, કારણ કે તે જીવનને દેખીતી રીતે જીવવા માટે વધુ અથવા ઓછા યોગ્ય તરીકે ક્રમબદ્ધ કરે છે, જે માનવ અધિકારોનું અસ્વીકાર્ય ઉલ્લંઘન છે."[1]

- સત્તાધિકારીઓ અક્ષમતાને આધારે ભેદભાવને પ્રતિબંધિત કરે તે સુનિશ્ચિત કરવા માટે "અક્ષમતા ધરાવતી વ્યક્તિઓને ચાલી આવતી માન્યતાઓ, જીવનની ગુણવત્તાના મૂલ્યાંકનો, અથવા અક્ષમતાઓની હાજરી કે ગેરહાજરી અથવા ઉંમરને આધારે વ્યક્તિના તુલનાત્મક "મૂલ્ય" વિશેના અભિપ્રાયો ઉપર આધાર રાખીને તબીબી કાળજીથી દૂર રખાવા ન જોઈએ" એવું જણાવતું એક બુલેટિન **યુનાઇટેડ સ્ટેટ્સ**ના સ્વાસ્થ્ય અને માનવ સેવાઓ માટેના વિભાગ ખાતે નાગરિક અધિકારોની કચેરીએ જારી કર્યું.[2] આ બુલેટિન સત્તાધિકારીઓને અક્ષમતા ધરાવતી વ્યક્તિઓને તાકીદના પ્રતિસાદ પ્રયાસોનો લાભ મેળવવાની સમાન તક મળે તે માટે પહોંચ તથા માહિતી અને સંચારણોની સુગમતા સુનિશ્ચિત કરવા માટે માર્ગદર્શન પણ પૂરું પાડે છે, "જેમાં તાકીદના પ્રતિસાદો સફળ થાય અને લાંછન લાગવું ન્યૂનતમ થાય તે સુનિશ્ચિત કરવામાં મદદ કરવા માટે વાજબી અનુકૂલનો સાધવાનો સમાવેશ થાય છે."
- **યુનાઇટેડ આરબ અમિરાતે અક્ષમતા ધરાવતી વ્યક્તિઓનું પરીક્ષણ તેમના ઘરોમાં કરવા માટે એક રાષ્ટ્રીય કાર્યક્રમ લાગુ કર્યો છે** અને એપ્રિલના મધ્ય સુધીમાં અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ માટે 650,000 COVID-19 પરીક્ષણો હાથ ધર્યા હતાં.[3]
- **ફિલિપાઇન્સ**માં, માનવ અધિકારો માટેના કમિશને સ્વાસ્થ્ય સંસ્થાઓને સમુદાયના બાળકો અને અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ સહિતના જોખમનો સામનો કરી રહેલા જૂથો માટે જાહેર સંદેશાઓ તૈયાર કરવામાં ટેકો પૂરો પાડવા માટે માહિતી પ્રસિદ્ધ કરી છે.[4]
- **કેનેડા**માં, અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ અને તેમની પ્રતિનિધિ સંસ્થાઓની સહભાગિતા થકી સરકારને ચોક્કસ અક્ષમતાને લગતા મુદ્દાઓ, પડકારો અને પ્રણાલીગત રિક્તતાઓ અને વ્યૂહરચનાઓ, ઉપાયો તથા લેવા જરૂરી પગલાં અંગે સલાહ આપવા માટે COVID-19 અક્ષમતા સલાહ જૂથની સ્થાપના કરવામાં આવી હતી.[5]

## રાજ્યો અને અન્ય હિતધારકો લઈ શકે તેવા થોડાં ચાવીરૂપ પગલાંઓ ક્યા છે?

- **અક્ષમતાને આધારે સારવાર નકારવાનું પ્રતિબંધિત કરવું** અને અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ સામેના અક્ષમતા, ટેકાની જરૂરના સ્તર, જીવન મૂલ્યાંકનોની ગુણવત્તા અથવા અન્ય કોઈપણ પ્રકારના તબીબી પૂર્વગ્રહ કે જે અક્ષમતાને આધારે સારવાર માટેની સુગમતાને અટકાવતી હોય તેવી જોગવાઈને રદ કરવી, જેમાં માર્ગદર્શિકાઓની અંદર મર્યાદિત સંસાધનો (જેમ કે વેન્ટિલેટર્સ અથવા અતિ ઘનિષ્ઠ કાળજી માટેની સુગમતા)ની ફાળવણીનો સમાવેશ થાય છે.
- લક્ષણો દેખાતાં હોય તેવી અક્ષમતા ધરાવતી વ્યક્તિઓનું **પ્રાથમિકતાના ધોરણે પરીક્ષણ સુનિશ્ચિત કરવું**.
- અક્ષમતા ધરાવતી વ્યક્તિઓના સ્વાસ્થ્ય પર COVID-19ની અસર વિશે **સંશોધનને પ્રોત્સાહન આપવું**.
- **સારવાર સામેના અવરોધોની ઓળખ કરવી અને તે દૂર કરવા**, જેમાં સુગમતાભર્યા વાતાવરણ (હૉસ્પિટલો, પરીક્ષણ અને ક્વોરન્ટાઇન સુવિધાઓ) સુનિશ્ચિત કરવાનો, સાથે સાથે સુગમ હોય તેવા માધ્યમોમાં, સાધનો થકી અને માળખાઓમાં સ્વાસ્થ્ય માહિતી અને સંચારણો ઉપલબ્ધ કરાવવા અને ફેલાવો કરવાનો સમાવેશ થાય છે.

- મહામારી દરમ્યાન અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ માટે **દવાઓનો પુરવઠો સતત ચાલુ રહે તે અને તેની સુગમતા સુનિશ્ચિત કરવી.**
- અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓ સામે પૂર્વગ્રહ અને પક્ષપાતી વલણ આધારિત ભેદભાવને નિવારવા માટે **સ્વાસ્થ્ય કર્મચારીઓ માટે તાલીમ હાથ ધરવી અને તેમનામાં જાગૃતિ કેળવવી.**
- મહામારીની સામે અક્ષમતા ધરાવતી વ્યક્તિઓનું તેમની તમામ વિવિધતાઓ સાથે સમાવેશ કરતું, તથા પ્રતિક્રિયા આપતા હોય તેવો અધિકાર આધારિત પ્રતિસાદ તૈયાર કરવા માટે **અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ અને તેમના પ્રતિનિધિ સાથે ગાઢપણે મસલત કરવી અને તમને સક્રિયપણે સામેલ કરવા.**

## સંસાધનો

- COVID-19માં કોઈ અપવાદો નહિ:"દરેકને જીવન-રક્ષક પગલાંઓ માટેનો અધિકાર છે" – UNના નિષ્ણાતો જણાવે છે
- અક્ષમતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો, COVID-19 વિશે UN દ્વારા વિશેષ નિમણૂંક કરાયેલ વ્યક્તિ:અક્ષમતા ધરાવતી વ્યક્તિઓને રક્ષણ કોણ આપી રહ્યું છે?
- WHO, COVID-19 ફાટી નીકળવા દરમ્યાન અક્ષમતાઓ અંગે ધ્યાનમાં લેવાની બાબતો

## 2.સંસ્થાઓમાં રહેતા હોય તેવા અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ પર COVID-19ની અસર શું છે?

COVID-19 મનોચિકિત્સકીય સંસ્થાઓ, સામાજિક સંભાળ સંસ્થાઓ (અનાથાશ્રમો, ડે-કેર કેન્દ્રો, પુનઃવસવાટ કેન્દ્રો) અને વૃદ્ધ વ્યક્તિઓ માટેની સંસ્થાઓ પર વિષમપ્રમાણ અસર ધરાવી રહ્યું છે, જે ચેપ અને મૃત્યુના ઊંચા દરોમાં પરિણમી રહ્યું છે. અમુક પ્રાથમિક અભ્યાસોમાં, કાળજીગૃહોમાં થયેલા મૃત્યુની સંખ્યા તેવા દેશોમાં COVID-19ને કારણે થયેલા મૃત્યુની કુલ સંખ્યાના 42%થી 57%નું જેટલી છે.[6] સંસ્થાઓમાં રખાયેલા અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓ અંતર્ગત સ્વાસ્થ્ય પરિસ્થિતિઓ, રહીશો અને કર્મચારીઓ વચ્ચે સામાજિક અંતરનું પાલન કરાવવામાં થતી મુશ્કેલી, અને કર્મચારીઓ દ્વારા ત્યજી દેવાવાને કારણે COVID-19નો ચેપ લાગવાના વધેલા જોખમનો સામનો કરે છે. સંસ્થાઓમાં રહેતી અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓ માનવ અધિકારોના ઉલ્લંઘનના વધેલા જોખમનો સામનો પણ કરે છે, જેમ કે ઉપેક્ષા, બંધન, એકલતા અને હિંસા.

## અમુક આશાકારક અમલીકરણો ક્યા છે?

- **સ્વિત્ઝરલેંન્ડ** અને **સ્પેન**માં, સંસ્થાઓમાં રહેતાં અક્ષમતા ધરાવતી વ્યક્તિઓને, જ્યાં શક્ય હોય ત્યાં, તેમના પરિવારો સાથે રહેવા માટે સંસ્થાઓની બહાર ખસેડાયા હતા.
- **કેનેડા**માં સંસ્થાકીય પરિસ્થિતિઓ માટે ચોક્કસ ઉપાયો સાથેની પ્રાથમિકતાએ પરીક્ષણ કરવા માટે માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવી હતી.[7]

**રાજ્યો અને અન્ય હિતધારકો લઈ શકે તેવા થોડાં ચાવીરૂપ પગલાંઓ ક્યા છે?**

- **અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓને સંસ્થાઓમાંથી બહાર જવા દેવા અને મુક્તિ આપવી** તથા પરિવાર અને/અથવા અનૌપચારિક નેટવર્કો થકી સમુદાયમાં ટેકાની જોગવાઈ ત્વરિતપણે સુનિશ્ચિત કરવી, તથા જાહેર અને ખાનગી સેવા પ્રદાતાઓ દ્વારા ટેકારૂપ સેવાઓને ભંડોળ પૂરું પાડવું.
- **વચગાળાના સમયમાં પરીક્ષણને પ્રાથમિકતા આપવી** અને ગીચતા સામે ઉપાય કરી, રહીશો માટે શારીરિક અંતર જાળવવાના ઉપાયો લાગુ કરી, મુલાકાતીઓ માટેના સમયમાં ફેરફાર કરી, સલામતી સાધનોનો ઉપયોગ ફરજિયાત બનાવી, અને સ્વચ્છતાની સ્થિતિઓમાં સુધારો કરીને સંસ્થાઓની અંદર ચેપના જોખમને ઘટાડવા માટે **નિવારક ઉપાયોને પ્રોત્સાહન આપવું.**
- ***કામચલાઉ ધોરણે* સંસ્થાઓના સંસાધનોમાં વધારો કરવો**, જેમાં નિવારણ માટેના ઉપાયોનો અમલ કરવા માટે માનવ સંસાધનો અને નાણાંકીય સંસાધનોનો સમાવેશ થાય છે.
- **આપાતકાલીન સમયગાળા દરમ્યાન, સુનિશ્ચિત કરવું કે, સંસ્થાઓમાં રહી રહેલા વ્યક્તિઓના અધિકારોનો આદર થતો રહે**, જેમાં શોષણ, હિંસા અને અપમાન સામે સ્વતંત્રતા, ભેદભાવથી મુક્તિ, મુક્ત અને માહિતગાર સંમતિનો અધિકાર, અને ન્યાયની સુગમતાનો સમાવેશ થાય છે.[8]
- સંસ્થાઓ બંધ કરવાની અને લોકોને સમુદાયમાં પરત મોકલવાની, તથા અક્ષમતા ધરાવતા અને વૃદ્ધ વ્યક્તિઓ માટેના આધારો અને સેવાઓને બળ આપવાની વ્યૂહરચનાઓને **અપનાવી અને સંસ્થાકરણને વધુ મજબૂતી આપીને રોગમાંથી વધુ સારી રીતે બહાર આવવું**

## સંસાધનો

- WHO COVID-19ના સંદર્ભમાં, લાંબાગાળાની કાળજી સુવિધાઓમાં ચેપના નિવારણ અને નિયંત્રણ માટે માર્ગદર્શન, વચગાળાનું માર્ગદર્શન, 21 માર્ચ 2020
- WHO, COVID-19 ફાટી નીકળવા દરમ્યાન અક્ષમતાઓ અંગેની વિચારણાઓ
- મનો-સામાજિક અક્ષમતાઓ ધરાવતા લોકો માટેની ક્ષેત્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા COVID-19 મહામારીના સંદર્ભમાં ભલામણોનું નિવેદન

## 3.અક્ષમતા ધરાવતી વ્યક્તિઓના સમુદાયની અંદર રહેવાના અધિકાર પર COVID-19ની શું અસર થઈ છે?

અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ COVID-19 પ્રતિસાદ ઉપાયોને કારણે સમુદાયમાં તેમના રોજિંદા જીવન જીવવામાં ચોક્કસ અવરોધોનો સામનો કરે છે. વિશેષરૂપથી, ઘરે રહેવાના નિયંત્રણો જે તેમની જરૂરિયાતોને ધ્યાનમાં નથી લેતા, તે તેમની સ્વતંત્રતા, સ્વાસ્થ્ય અને જીવનમાં વિક્ષેપો અને નવા જોખમો સર્જે છે.[9]

અક્ષમતાઓ ધરાવતા ઘણા વ્યક્તિઓ જે તેમના રોજિંદા જીવન માટે અન્યો ઉપર આધાર રાખે છે (સેવા પ્રદાતાઓ દ્વારા ઔપચારિક ટેકા અથવા સંબંધીઓ/મિત્રો દ્વારા અનૌપચારિક ટેકા થકી) તેઓ પોતાને હરવાફરવા પરના નિયંત્રણો અને શારીરિક અંતર જાળવવાના ઉપાયોને કારણે ટેકા વિનાના પામે છે. આ તેમને આહાર, અનિવાર્ય સામાન અને દવાઓના સુગમતા વિના, અને નહાવા, રાંધવા, અથવા ખાવા જેવી મૂળભૂત દૈનિક પ્રવૃત્તિઓ પાર ન પાડી શકવાના ઊંચા જોખમ હેઠળ મૂકી શકે છે

COVID-19 ઉપાયો વિશેની જાહેર માહિતીને અક્ષમતા ધરાવતા તમામ વ્યક્તિઓ સુધી પહોંચે તે રીતે પદ્ધતિસર રીતે સંચારિત કરવામાં નથી આવતી અને સુગમ માળખાઓ તથા માર્ગો દ્વારા વહેંચવામાં નથી આવતી (દા.ત. સાંકેતિક ભાષાનું અર્થઘટન, કેપ્શનિંગ, સરળતાથી વાંચી શકાય તેવા માળખા, વગેરે).

આ ઉપરાંત અક્ષમતાઓ ધરાવતી અમુક વ્યક્તિઓ, જેમ કે મનો-સામાજિક અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓ અને ઑટિસ્ટિક (એક માનસિક વિકૃતિ) ધરાવતી વ્યક્તિઓ ઘરની અંદર કડક બંધનોને સહન કરવામાં સક્ષમ ન પણ હોય. પરિસ્થિતિનો સામનો કરવા માટે દિવસ દરમ્યાન ટૂંકી અને કાળજીપૂર્વકની બહારની મુલાકાતો તેમને માટે ચાવીરૂપ છે

**અમુક આશાકારક અમલીકરણો ક્યા છે?**

- **પેરાગ્વે**[10] અને **પનામા**[11]એ સુસંગત માહિતી સુગમ માળખાઓમાં પૂરી પડાય તે સુનિશ્ચિત કરવા માટે પ્રણાલીઓ વિકસાવી છે. આ જ દિશામાં, **ન્યૂ ઝીલૅન્ડ**ના સ્વાસ્થ્ય મંત્રાલયે પોતાની વેબસાઇટનો એક વિભાગ માહિતીને સાંકેતિક ભાષા અને વાંચવામાં સરળ હોય તે સહિતના સુગમ માળખાઓમાં પૂરી પાડવા માટે સમર્પિત કર્યો છે.[12] **મેક્સિકો**ની સરકારે આવી જ કાર્યરીતીને અપનાવી છે.[13]
- **આર્જેન્ટિના**માં**,**[14] અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓને ટેકો પૂરો પાડવા માટે થઈને આધાર જરૂરી હોય તેવા વ્યક્તિઓને હરવા ફરવા ઉપરના નિયંત્રણો અને શારીરિક અંતર જાળવવામાંથી છૂટ અપાયેલી છે. **કોલમ્બિયા**માં સામુદાયિક ટેકા માટેના માળખાઓ વિકસાવવામાં આવ્યા છે અને અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ તથા વૃદ્ધોને તેમના કરિયાણાં અને અન્ય ખરીદીઓમાં મદદ કરે તે માટે સ્વયંસેવકોની ભરતી કરવામાં આવી છે.[15] ઉપરાંત, **પનામા**માં, જોખમોને ઘટાડવાના એક પ્રયાસમાં, અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ અને તેમના વ્યક્તિગત સહાયકોને અનિવાર્ય ખરીદીઓ કરવા માટે ખુલ્યા પછીના ચોક્કસ કલાકો ફાળવવામાં આવ્યા છે.[16]
- **યુનાઇટેડ કિંગ્ડમ ઑફ ગ્રેટ બ્રિટન ઍન્ડ નોર્ધન આયર્લૅન્ડે**[17] પ્રારંભિક સખત બંધીના નિયમો હળવા કર્યા છે અને ઑટિસ્ટિક વ્યક્તિઓ તથા અક્ષમતાઓ ધરાવતા અન્ય લોકોને બહાર જવાની પરવાનગી આપવા છૂટછાટો લાગુ કરી છે. **ફ્રાન્સે** આવા જ ઉપાયો લાગુ કર્યાં છે.[18]

**રાજ્યો અને અન્ય હિતધારકો લઈ શકે તેવા થોડાં ચાવીરૂપ પગલાંઓ ક્યા છે?**

- એ સુનિશ્ચિત કરવું કે **COVID-19 સંબંધિત ઉપાયો વિશેની માહિતી** અક્ષમતા ધરાવતી વ્યક્તિઓને અન્ય બાબતો ઉપરાંત સાંકેતિક ભાષાના અર્થઘટન, કેપ્શનિંગ, અને વાંચવામાં સરળ સ્વરૂપોમાં **સુગમ હોય.**
- એ સુનિશ્ચિત કરવું કે **અક્ષમતા ધરાવતી વ્યક્તિઓને ટેકો પૂરો પાડતી વ્યક્તિઓને ઘરે રહેવા અંગેના નિયંત્રણોમાં છૂટ મળે**, જેથી કરીને ટેકો પૂરો પાડી શકાય.
- **સામુદાયિક આધાર માળખાઓના વિકાસ**ને પ્રોત્સાહન આપવું અને અનુબદ્ધિત કરવું, અને સલામતીની સામગ્રીઓ, સાધનો અને ઉત્પાદોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવી.
- ઘરે રહેવા/અંદર રહેવાના ઉપાયો દરમ્યાન સુપરમાર્કેટ્સ, કરિયાણાં અને અન્ય આવશ્યક વસ્તુઓની દુકાનોમાં અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ અને તેમના વ્યક્તિગત સહાયકો માટે **ખુલવાના સમય પછીના કલાકો માટે પ્રાથમિકતા** સ્થાપિત કરવા અંગે ધ્યાન આપવું.
- અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ માટે ઘરમાંથી બહાર નીકળવા સામે સદંતર મનાઇ અને દંડ લાગુ કરવા સામે **વાજબી મુક્તિઓની જોગવાઈ સુનિશ્ચિત કરવી**, અને અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ માટે બહાર છૂટછાટો લાગુ કરવી.

## સંસાધનો

- WHO, COVID-19 ફાટી નીકળવા દરમ્યાન અક્ષમતાઓ અંગેની વિચારણાઓ
- **UNPRPD, ILO અને અન્યો, COVID-19 કટોકટી સામે અક્ષમતાને સમાવી લેતો સામાજિક સુરક્ષા પ્રતિસાદ**

## 4.અક્ષમતા ધરાવતી વ્યક્તિઓના કામ, આવક અને જીવનનિર્વાહ પર COVID-19ની શું અસર થઈ છે?

અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓને નોકરીએ રખાવાની શક્યતા અન્યોની સરખામણીએ ઓછી, છે અને જ્યારે નોકરીએ રખાય છે, ત્યારે તેમને અસંગઠિત ક્ષેત્રમાં નોકરીએ રખાયા હોવાની શક્યતા વધુ છે.[19] આને પરિણામ સ્વરૂપે, તેમને અન્યોની સરખામણીમાં નોકરી આધારિત સામાજિક વીમો ઓછો સુગમ હોય છે, જે હાલના COVID-19 સંદર્ભમાં તેમની આર્થિક અંગેની સ્થિતિસ્થાપકતા ઘટાડે છે. જેઓ નોકરી ધરાવતા હોય અથવા સ્વ-રોજગાર વાળા હોય તેઓ,[20] તેમને કાર્યસ્થળો પર ઉપલબ્ધ હોય તેવા સાધનો અને ટેકાની ગેરહાજરીને કારણે ઘરેથી કામ કરવાથી દૂર રહેવું પડે તેવું બની શકે, અને તેઓ તેમની આવક તથા નોકરી ગુમાવવાના વધેલા જોખમનો સામનો કરી શકે. ઉપરાંત, COVID-19 ઉપાયો પરિવાર અને ઘરના મુખ્ય કમાનારાને કામ કરવાથી દૂર રાખીને ઘરની એકંદર આવક ઉપર નકારાત્મક અસર વડે અક્ષમતા ધરાવતી વ્યક્તિઓને પ્રત્યક્ષ રીતે અસર કરી શકે છે. આવક ન હોવી અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ અને તેમના ઘરો, જેઓ સામાન્યરીતે અક્ષમતા સંબંધિત વધારાની કિંમત અને ખર્ચાઓનો સામનો કરતા હોય છે (સુગમ હોય તેવા ઘર અને સાધનો, સહાયક સાધનો, ચોક્કસ સામાન અને સેવાઓ, વગેરે), તેમના પર વિષમપ્રમાણ બોજો દર્શાવે છે, જે તેમને વધુ જલ્દી ગરીબી તરફ ખેંચી લઈ જાય છે.

## અમુક આશાકારક અમલીકરણો ક્યા છે?

- COVID-19 સામેના પ્રતિસાદમાં **બલ્ગેરિયા, માલ્ટા** અને **લિથુઆનિયા**એ તેમની સામાજિક સુરક્ષા પ્રણાલીઓને અપાતા ભંડોળમાં વધારો કર્યો છે જેથી સામાજિક ટેકા સેવાઓને વિસ્તારી શકાય અને અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓ સહિત, વધુ લાભાર્થીઓને આવરી શકાય.[21]
- **આર્જેન્ટિના** અને **પેરુ**માં, COVID-19 કટોકટીને ધ્યાનમાં રાખીને અક્ષમતા અંગેના લાભો પ્રાપ્ત કરી રહેલા લોકો એક વધારાની રકમ પ્રાપ્ત કરશે.[22]**ફ્રાન્સે** અક્ષમતા ભથ્થું મેળવતા લાભાર્થીઓના હિતમાં આવા જ એક પગલાંની જાહેરાત કરી,[23] અને **ટ્યુનિશિયા**ની કટોકટી યોજનામાં નીચી આવક ધરાવતા ઘરો, અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓ અને ઘર વિનાના લોકોને રોકડ નાણાં ટ્રાન્સફર કરવાનો સમાવેશ થાય છે.[24]
- **યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા**એ[25] કરવેરા રાહત કાર્યક્રમો સ્થાપિત કર્યા છે જે આ સંદર્ભમાં અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓની નાણાંકીય પરિસ્થિતિને સુધારવામાં ફાળો આપી શકે તેમ છે.

## રાજ્યો અને અન્ય હિતધારકો લઈ શકે તેવા થોડાં ચાવીરૂપ પગલાંઓ ક્યા છે?

- **કોઈ આવક ન ધરાવતી અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓને નાણાંકીય મદદ** પૂરી પાડવી (દા.ત. ઉચ્ચક ચુકવણીઓ, કરવેરામાં રાહતના ઉપાયો, સામાન, વગેરેમાં સબસિડી આપવી, વગેરે.).
- **હાલના અક્ષમતા લાભોમાં વધારો કરવો**, જેમાં વધારાના ખર્ચાઓને આવરી લેવા માટે ચુકવણીઓને વહેલી કરવાનો સમાવેશ થાય છે.
- અક્ષમતા સંબંધિત એવી કોઈપણ પાત્રતાઓ જે ટૂંક સમયમાં સમાપ્ત થવા જઈ રહી હોય, તેનું **આપમેળે વિસ્તારણ કરવું**.
- અક્ષમતા ધરાવતા સ્વ-રોજગાર વાળી એવીવ્યક્તિઓ જેઓ પોતાની આવકને ઘટેલી જુએ તેમને **નાણાંકીય વળતર** પૂરું પાડવું.
- પોતાના પરિવારના અક્ષમતા ધરાવતા સભ્ય(યો)ને ચેપ લાગવાનું નિવારવા માટે કામ કરવાનું બંધ કરે તેવા લોકો અને જેઓ બેરોજગારી અથવા માંદગીના લાભો હેઠળ આવરાયેલા નથી તેવા લોકો માટે **નાણાંકીય સહાય કાર્યક્રમો** અમલમાં મૂકવી.
- અક્ષમતા ધરાવતી વ્યક્તિઓના નોકરીદાતાઓને ટેલિવર્કિંગ માટે જરૂરી સાધનો પૂરા પાડવા માટે, **ટેક્સ ક્રેડિટ થકી સહિતનો નાણાંકીય આધાર** પૂરો પાડવી.
- **આહાર જોગવાઈની યોજનાઓ** અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓનો **સમાવેશ કરતી હોય** અને તેમના ઘરો સુધી આહાર પહોંચાડવાના પરિવહન ઉપાયોનો સમાવેશ કરતી હોય તે સહિતની તેમની જરૂરિયાતો પ્રત્યે પ્રતિસાદ આપનારી હોય તેમ સુનિશ્ચિત કરવું.

## સંસાધનો

- **ILO,ILO,** કોઈ પાછળ નથી છૂટી ગયું, હાલ પણ નહિ, ક્યારેય નહિ **COVID-19**ના પ્રતિસાદમાં અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓ
- **UNPRPD, ILO UNPRPD, ILO** અન્યો, **COVID-19** કટોકટી સામે અક્ષમતાને સમાવી લેતો સામાજિક સુરક્ષા પ્રતિસાદ
- આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ, COVID-19 સામેના નીતિગત પ્રતિસાદો

## 5.અક્ષમતા ધરાવતી વ્યક્તિઓના શિક્ષણના અધિકાર પર COVID-19ની શું અસર થઈ છે?

અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ અન્યોની સરખામણીમાં અભ્યાસ પૂરો કરે તેવી ઓછી સંભાવના છે, અને તેમને શાળા અભ્યાસમાંથી સંપૂર્ણપણે બાકાત રખાય તેવું વધુ સંભવ છે.[26] Because of COVID-19, most States have temporarily closed education institutions[27] અક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓ સહિતના, તમામ વિદ્યાર્થીઓને અસર કરતું. શિક્ષણમાં વિક્ષેપની અસરને ઘટાડવા માટે અમુક રાજ્યો દૂરથી રહીને શીખવાની પદ્ધતિઓને અપનાવી રહ્યાં છે. આ કિસ્સાઓમાં, જો કે, અક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓ તેમને શાળાના ઓનલાઇન કાર્યક્રમોમાં ભાગ લેવા સક્ષમ બનાવે તે માટે જરૂરી સાધનોની, ઇન્ટરનેટ ઍક્સેસ, સુગમ સામગ્રીઓ અને ટેકાની ગેરહાજરીને કારણે અવરોધોનો સામનો કરી રહ્યાં છે. આને પરિણામે, અક્ષમતા ધરાવતા ઘણા વિદ્યાર્થીઓ પાછળ છૂટી જઈ રહ્યાં છે, ખાસ કરીને બૌદ્ધિક અક્ષમતાઓ ધરાવતા વિદ્યાર્થીઓ.

વધુમાં, અક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓને શાળા બંધ થવાના અન્ય પરિમાણો વડે પણ અસર થઈ રહી છે, જેમાં શાળાના ભોજનની સુગમતા અને તેમના સહાધ્યાયીઓ સાથે રમત અને ખેલકૂદમાં ભાગ લેવાની તકોનો સમાવેશ થાય છે.

## અમુક આશાકારક અમલીકરણો ક્યા છે?

- **યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા**એ લાગુ પડતા ફેડરલ કાયદા, ધ ઇન્ડિવિડ્યુઅલ વિથ ડિઝેબિલિટિઝ ઍક્ટ ઉપર એક માર્ગદર્શક દસ્તાવેજ જારી કર્યો છે.[28]
- **ઇક્વાડોરે** ઘરે આઇસોલેટ થઈને રહેવું જરૂરી હોય તેવા બાળકોના શિક્ષણને ટેકો આપવા માટે શિક્ષકોને ભલામણ જારી કરી છે.[29]
- **યુનાઇટેડ કિંગ્ડમ ઑફ ગ્રેટ બ્રિટન અને નોર્ધન આયર્લૅન્ડે** માતા-પિતા અને કાળજી પ્રદાતાઓને ઘરે હોય ત્યારે એકબીજા સાથે સ્પર્ધા કરતી જવાબદારીઓનો સામનો કેવી રીતે કરવો અને અક્ષમતા ધરાવતા બાળકોની શૈક્ષણિક પ્રક્રિયાને વધુ સારી રીતે ટેકો કેવી રીતે આપવો તે વિશે માર્ગદર્શન આપવા માટે માહિતીનો ફેલાવો કર્યો અને પ્રણાલીઓ પ્રસ્થાપિત કરી.[30]

## રાજ્યો અને અન્ય હિતધારકો લઈ શકે તેવા થોડાં ચાવીરૂપ પગલાંઓ ક્યા છે?

- શિક્ષણ અને શાળા સત્તાધિકારીઓને તેમની જવાબદારીઓના વ્યાપ અને શાળાની બહાર શિક્ષણ પૂરું પાડતાં હોય ત્યારે ઉપલબ્ધ વૈવિધ્યપૂર્ણ સંસાધનો વિશે **સ્પષ્ટ માર્ગદર્શન પૂરું પાડવું.**
- સહાયક સાધનો અને રહેવાની વાજબી સગવડની જોગવાઈ સહિત, અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓ માટે દૂર રહીને અભ્યાસ માટે **ઇન્ટરનેટનો ઍક્સેસ સુનિશ્ચિત કરવો અને સૉફ્ટવેર સુગમ છે તેની ખાતરી કરવી.**
- દૂર રહીને અભ્યાસ થકી સમાવેશક શિક્ષણ વિશે **શિક્ષકો માટે માર્ગદર્શન, તાલીમ અને ટેકો પૂરો પાડવો**.
- અક્ષમતાઓ ધરાવતા બાળકો વહેલું શિક્ષણ શરુ કરે તે માટે માતા-પિતા અને કાળજીપ્રદાતાઓ સાથે **ઘનિષ્ઠ સમાયોજન સ્થાપિત કરવું.**

- **માતા-પિતા અને કાળજીપ્રદાતાઓને** તેમના અક્ષમતા ધરાવતા બાળકોના શૈક્ષણિક કાર્યક્રમ માટે સાધનોની ગોઠવણ કરવામાં અને ટેકો આપવા માટે **માર્ગદર્શન અને દૂરથી રહીને ટેકો પૂરો પાડવો**.
- દૂર રહીને અભ્યાસને ટેકો આપવા માટે અક્ષમતાઓ ધરાવતા વિદ્યાર્થીઓ માટે **સુગમ હોય તેવી અને અનુકૂલન કરેલી સામગ્રી વિકસાવવી.**
- વિવિધ મીડિયા (દા.ત. ઓનલાઇન માંગવાથી ઉપલબ્ધ, ટેલિવિઝન પ્રસારણ થતા શૈક્ષણિક કાર્યક્રમો, વગેરે) થકી ફેલાવો કરવા માટે **સુગમ હોય તેવી શૈક્ષણિક ઑડિઓ-વિઝ્યુઅલ સામગ્રી વિકસાવવી**

## સંસાધનો

- બાળકો પર COVID-19 મહામારીની ગંભીર શારીરિક, ભાવનાત્મક અને માનસશાસ્ત્રીય અસર અને બાળકોના અધિકારોના રક્ષણ માટે રાજ્યોને આહ્વાન વિશે CRC સમિતિનું નિવેદન
- યુનિસેફ, COVID-19 પ્રતિસાદ: અક્ષમતાઓ ધરાવતા બાળકો અને પુખ્તો માટે ધ્યાનમાં લેવાની બાબતો
- યુનેસ્કો, COVID-19 પ્રતિસાદ અંગેની વેબસાઇટ

## 6.અક્ષમતા ધરાવતી વ્યક્તિઓના હિંસાથી રક્ષણ માટેના અધિકાર પર COVID-19ની શું અસર થઈ છે?

અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓને હિંસાનું જોખમ વધુ હોય છે, વિશેષરૂપથી જ્યારે તેઓ એકલા હોય. અક્ષમતાઓ ધરાવતી મહિલાઓ અને છોકરીઓ લિંગ આધારિત, જાતીય પ્રકારની, અંગત સાથી તરફથી અને ઘરેલુ હિંસાના ઊંચા દરોનો સામનો કરે છે.[31] અક્ષમતાઓ ધરાવતી મહિલાઓ અને છોકરીઓ અન્ય મહિલાઓની સરખામણીમાં હિંસાના વધુ જોખમનો સામનો તો કરે જ છે, સાથે તેઓ અક્ષમતાઓ ધરાવતા પુરુષોની સરખામણીમાં પણ હિંસાના ઊંચા સ્તરોનો સામનો કરે છે.[32]જ્યાં COVID-19ના સંદર્ભમાં અક્ષમતા અને લિંગ આધારિત હિંસા ઉપર માહિતી હાલમાં ઉપલબ્ધ નથી, ત્યાં અનુભવો દર્શાવે છે કે સમાન સંજોગોમાં, અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓ વિશેષરૂપથી જોખમ હેઠળ હોય છે.[33]

ઘરેલુ હિંસાની જાણ કરવી અને તેને લગતી સેવાઓની સુગમતા તથા સહાય અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ માટે વિશેષરૂપથી પડકારજનક હોય છે, કારણ કે આ સેવાઓ સામાન્યપણે અક્ષમતા ધરાવતી વ્યક્તિઓને સમાવી લેતી નથી હોતી અને તેમને માટે સુગમ નથી હોતી. મોટેભાગે હોટલાઇન્સ બધિર અને બધિર-અંધ વ્યક્તિઓ માટે દુભાષિયા સેવાઓ વડે સજ્જ નથી હોતી, અને કટોકટી માટેના આશ્રયસ્થાનો તથા સેવાઓ અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓની જરૂરિયાતોને પૂરી કરવા માટે તૈયાર નથી હોતા.

## અમુક આશાકારક અમલીકરણો ક્યા છે?

**પેરુ**માં સ્થાનિક સરકારો માટે કટોકટી દરમ્યાન ફોન વડે અને કટોકટી ઊઠાવી લેવામાં આવે તે પછી જાતે જઈને અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓનો સંપર્ક માટે માર્ગદર્શિકાઓ બહાર પડાઈ હતી, જેમાં હિંસા વાળી પરિસ્થિતિની જાણ સત્તાધિકારીઓને કરવાની

ફરજ સૂચવાઇ હતી.[34] આના સિવાય, OHCHR આ વિસ્તારમાં કોઈ નવી આશાકારક કાર્યરીતિઓની ઓળખ કરી શક્યા નહિ, જે ચિંતાના સ્તરને ઊંચું લઈ જાય છે. અનેક દેશોએ બધિર વ્યક્તિઓ માટે સુગમ હોટલાઇન્સ, સહાય અને ટેક્સ્ટ સંદેશા, રીલે અને વિડીયો ફોન સેવાઓ સહિતના અહેવાલો પૂરા પાડવાનું ચાલુ રાખ્યું છે.[35] નીચેની સૂચિમાં જાણવા મળેલી થોડી સારી કાર્યરીતિઓ છે.

## રાજ્યો અને અન્ય હિતધારકો લઈ શકે તેવા થોડાં ચાવીરુપ પગલાંઓ ક્યા છે?

- **જાણ કરવા માટેની યંત્રણાઓ, હોટલાઇન્સ, તાકીદના આશ્રયસ્થાનો અને સહાયના અન્ય સ્વરૂપો સુગમ છે અને અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓને સમાવે છે તે સુનિશ્ચિત કરવું.**
- અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ, ખાસ કરીને એકલા રહેતાં હોય તેમની સ્થિતિની સામુદાયિક અને સ્વૈચ્છિક નેટવર્કો થકી સહિત, સામે ચાલીને સંપર્ક કરીને પરોવાયેલાં રાખીને **દેખરેખ રાખવી**.
- અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓ, વિશેષરૂપથી અક્ષમતા ધરાવતી મહિલાઓ અને છોકરીઓ દ્વારા સામનો કરાતી હિંસાના જોખમ વિશે **જાગૃતિ ફેલાવવી અને તાલીમ પૂરી પાડવી**, અને સાથીઓના ટેકાને પ્રોત્સાહન સહિતના આધાર માળખાઓને વધારો આપવો.

## સંસાધનો

- UNFPA, લિંગ આધારિત હિંસા અને જાતીય તથા પ્રજોત્પત્તિ સ્વાસ્થ્યને સંબોધતી અને અક્ષમતાઓ ધરાવતી મહિલાઓ તેમજ યુવા વ્યક્તિઓ માટે અધિકારો પર આધારિત અને લિંગ આધારિત-પ્રતિસાદ સેવાઓ પૂરી પાડવા માટે માર્ગદર્શિકાઓ
- COVID-19 દરમ્યાન સાજા થઈને બહાર આવનારાઓ માટે ટકી રહેવા માટે સેવાઓ

## 7.એવા ચોક્કસ વસ્તીજૂથો કે જેમાં અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓની સંખ્યા ઘણી વધુ છે તેમના ઉપર COVID-19ની શું અસર થઈ છે: અક્ષમતાઓ ધરાવતા કેદીઓ અને રહેવાની પૂરતી સુવિધા વિનાના લોકો?

### a. અક્ષમતાઓ ધરાવતા કેદીઓ

અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ કેદખાનામાંના લોકોમાં વધુ પ્રમાણમાં જોવા મળે છે,[36] વિશેષરૂપથી મનો-સામાજિક અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓ અને બૌદ્ધિક અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓ. ગીચ અને અસ્વચ્છ પરિસ્થિતિઓમાં જ્યાં શારીરિક અંતર જાળવવું શક્ય નથી ત્યાં ચેપના ઊંચા જોખમને કારણે તેઓ ચેપનો ભોગ બનવાના વધેલા જોખમ હેઠળ છે. ખાસ કરીને, અક્ષમતાઓ

ધરાવતા ઘણા કેદીઓ આહાર માટે, હરવાફરવા અને નહાવા માટે તેમના સાથીઓના અનૌપચારિક ટેકા ઉપર આધાર રાખતા હોય છે, અને જેલની સ્વાસ્થ્ય સેવાઓ સામાન્યપણે તેમની જરૂરિયાતો પૂરી કરવા માટે અપૂરતી હોય છે.

આ પડકારો જેલ અને ફોજદારી ન્યાય અને સુધારણા વ્યવસ્થાઓની અંદર ખટલા પૂર્વેની અટકાયત હેઠળના અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓને જ નથી લાગુ પડતી, પરંતુ તે હાલમાં કોઈપણ પ્રકારની વહીવટી અથવા અન્ય અટકાયત હેઠળ હોય, કે જેમાં ઇમિગ્રેશન અટકાયત હેઠળના અક્ષમતાઓ ધરાવતા સ્થળાંતર કરીને આવેલાઓ સહિતના લોકો દ્વારા અનુભવાય છે.

## અમુક આશાકારક અમલીકરણો ક્યા છે?

- **યુનાઇટેડ કિંગ્ડમ ઑફ ગ્રેટ બ્રિટન અને નોર્ધન આયર્લેન્ડ**માં, જેમની સજા પૂરી થવામાં બે મહિના અથવા તેનાથી ઓછો સમય બાકી હોય તેવા કેદીઓને છોડી મૂકવામાં આવી રહ્યાં છે.[37] **યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા**માં, અનેક રાજ્યોએ કેદીઓને છોડી મૂક્યાં છે,અથવા છોડી મૂકવાની પ્રક્રિયામાં છે.[38] **ઈરાન, તુર્કી** અને **ઇન્ડોનેશિયા**માં આવી જ રીતે કેદીઓની મુક્તિ કરવામાં આવી હતી. **કોલમ્બિયા**માં અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓ કે જેમને સલામતીના ઉપાયો જાતે અમલમાં મૂકવાથી નિવારતી શરીરની કામગીરીને લગતી મર્યાદાઓ હોય તેમને વહેલી મુક્તિ માટેના લાભાર્થીઓમાં સમાવાયા છે.[39]તેવી જ રીતે, **આર્જેન્ટિના**માં, સુપ્રિમ કોર્ટ અને ફોજદારી અપીલ માટેની કોર્ટે અક્ષમતા ધરાવતી વ્યક્તિઓની કેદ મુક્તિ પ્રયાસોના લાભાર્થીઓ તરીકે ઓળખ કરી છે.[40] **બ્રાઝિલ**માં, નેશનલ જસ્ટિસ કાઉન્સિલે, અક્ષમતા ધરાવતા કેદીઓ, બાળ અપરાધ પ્રણાલીમાં હોય તેવા સહિતના કેદીઓની સમીક્ષા, પુનઃમૂલ્યાંકના કરવા, અને મુકત કરવા માટે ભલામણ જારી કરી છે.[41]

## રાજ્યો અને અન્ય હિતધારકો લઈ શકે તેવા થોડાં ચાવીરૂપ પગલાંઓ ક્યા છે?

- **અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓ સહિતના કેદીઓના જોખમ હેઠળ હોય તેવા જૂથોને, વહેલી મુક્તિ અને પ્રોબેશન લાગુ કરીને અથવા સજા ઘટાડીને અથવા નીચી કરીને અને ખટલો ચાલવા પૂર્વેની અટકાયતનો ઉપયોગ કરી છોડી મૂકીને કેદખાનાઓની વસ્તી ઘટાડવી,** અને પરિવાર અને/અથવા અનૌપચારિક માળખાઓ થકી સમુદાયમાં ટેકાની જોગવાઈ અને જાહેર અથવા ખાનગી સેવા પ્રદાતાઓ દ્વારા ભંડોળના આધારની સેવાઓને ત્વરિતપણે સુનિશ્ચિત કરવી.
- ચેપના જોખમોને ઘટાડવા માટે જેલોમાં **નિવારણ માટેના ઉપાયો અમલમાં મૂકો**, જેમાં અક્ષમતાઓ વાળા કેદીઓની ઓળખ કરવી અને તેમને ટેકો, આહાર, પાણી અને સ્વચ્છતાની સુગમતા સુનિશ્ચિત કરવી, આઇસોલેશન (એકલાં રહેવા) તથા શારીરિક અંતર જાળવવાના ઉપાયો લાગુ કરવા, સલામતી સાધનોનો ઉપયોગ જરૂરી બનાવવો, અને સફાઈની સ્થિતિમાં સુધારો કરવાનો સમાવેશ થાય છે.

## સંસાધનો

- WHO, જેલ અને કેદના અન્ય સ્થાનોમાં COVID-19નું નિવારણ અને નિયંત્રણ
- UN આંતર સંસ્થાકીય સ્થાયી સમિતિ, COVID-19: પોતાની સ્વતંત્રતાથી વિમુખ રખાયેલા લોકો ઉપર ધ્યાન

## b. અક્ષમતાધરાવતા, પૂરતી રહેણાંક સુવિધા વિનાના લોકો

અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓ, ખાસ કરીને મનો-સામાજિક અને બૌદ્ધિક અક્ષમતાઓ ધરાવતા હોય તેવા લોકો પણ અત્યંત ગરીબ વસ્તીજૂથોમાં ઘણા વધુ પ્રમાણમાં સામેલ છે. અક્ષમતાઓ ધરાવતા ઘર વિનાના વ્યક્તિઓ અને કટોકટી આશ્રયસ્થાનો તથા અનૌપચારિક વસાહતોમાં રહેતાં હોય તેવા લોકો, રહેવા માટેની ગીચ પરિસ્થિતિઓ, પાણી અને સ્વચ્છતા માટેની સુગમતાનો અભાવ અને તેમની પૂર્વેથી હોય તેવી સ્વાસ્થ્ય સ્થિતિઓને કારણે COVID-19નો ચેપ લાગવાનું જોખમ વિશેષરૂપથી ધરાવે છે.

COVID-19 કટોકટીએ ઘર વિનાના, અક્ષમતા ધરાવતા હોય તે સહિતના લોકોને, આશ્રય અને ટેકો, માંગવા તરફ ધકેલી દીધા છે, જેનાથી કટોકટીના આશ્રયસ્થાનો ગીચ બની ગયા છે અને તેમાં વાઇરસ ફેલાઈ રહ્યો છે. પોતાની રહેવાની વ્યવસ્થાઓને કારણે શારીરિક અંતર જાળવવાનું પાલન ન કરી શકે તેવા લોકો પણ એક વંચિત પરિસ્થિતિમાં છે.

### અમુક આશાકારક અમલીકરણો ક્યા છે?

- **યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા**માં, ઘર વિનાના હોવા સામેનો પ્રતિસાદ ચોક્કસ માર્ગદર્શિકાઓ થકી અમલમાં મૂકવામાં આવ્યો છે જેમાં વાતચીત અંગે અક્ષમતા પરિમાણનો સમાવેશ થાય છે.
- **ચિલી**માં, સરકારે પોતાની છેવટ સુધી પહોંચતી સમાવેશકતાને વધુ નક્કર બનાવતાં, ઘર વિનાના લોકોને સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડવાની જાહેરાત કરી.
- **આર્જેન્ટિના**માં, ઊચ્ચ તબીબી જરૂરિયાતો વિના શારીરિક અંતરની જરૂરિયાત ધરાવતા હોય તેવા લોકો માટે તાકીદને ધોરણે આશ્રય પૂરો પાડવા માટે એક વિશાળ સુવિધામાં 1,000થી વધુ ખાટલાઓ ગોઠવવામાં આવ્યા હતા.

### રાજ્યો અને અન્ય હિતધારકો લઈ શકે તેવા થોડાં ચાવીરૂપ પગલાંઓ ક્યા છે?

- **ઘર વિનાની અક્ષમતા ધરાવતી વ્યક્તિઓને આત્મસન્માન અને માન સાથે સારવાર આપવામાં આવે**, અને હિંસક પરિસ્થિતિઓ ટાળવા માટે પ્રથમ પ્રતિસાદ આપનારાઓ વાતચીત વિશે **તાલીમ અને માર્ગદર્શન** પ્રાપ્ત કરે તે **સુનિશ્ચિત કરવી**.
- **અનધિકૃત વસાહતોને બળપૂર્વક ખસેડવાનું ટાળવું**, કારણ કે આ વાઇસરના વધુ ઝડપી ફેલાવાનું કારણ બની શકે છે. ઘર વિનાના અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓની તેઓ જ્યાં રહેતા હોય ત્યાં સારવાર કરો અને જ્યાં ઉપલબ્ધ હોય ત્યાં સલામત સુગમ આશ્રયની રજૂઆત કરવી.
- પૂરતી જંતુરહિત કરવાની સુવિધા અને રહેવા માટે યોગ્ય પરિસ્થિતિ ધરાવતી ભાડે લીધેલી મિલકતો, હોટલો, સભાખંડો અને સ્ટેડિયમોનો સહિતના, **શારીરિક અંતર પૂરું પાડે તેવા અલગ-અલગ આશ્રય વિકલ્પો ચકાસવા**.
- પાણી અને જંતુમુક્તિ સુવિધા ઉપલબ્ધ હોય તે સુનિશ્ચિત કરવા માટે પાણી, સાબુ, સિંક, અને અન્ય સંસાધનો સહિતની **જંતુમુક્ત કરવાની સેવાઓ રસ્તાઓ પર પૂરી પાડવી**.

## સંસાધનો

- પૂરતા રહેઠાણના અધિકાર અંગેના UN દ્વારા વિશેષરૂપથી નિયુક્ત અધિકારી, COVID-19 માર્ગદર્શિકા:ઘર વિનાની સ્થિતિમાં રહેનારાઓ માટે રક્ષણ
- પૂરતા રહેઠાણના અધિકાર અંગેના UN દ્વારા વિશેષરૂપથી નિયુક્ત અધિકારી, COVID-19 માર્ગદર્શિકા:અનધિકૃત વસાહતોના રહીશોને રક્ષણ પૂરૂં પાડવું

## સંસાધનો - સામાન્ય

- CRPD સમિતિ અને UN સેક્રેટરી જનરલના અક્ષમતા અને સુગમતા અંગેના વિશેષ દૂત, સંયુક્ત નિવેદન: અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓ અને COVID-19
- આંતરરાષ્ટ્રીય અક્ષમતા કરાર, COVID-19 અને અક્ષમતા અંગેની ચળવળ
- આંતરરાષ્ટ્રીય અક્ષમતા અને વિકાસ સંઘ: અક્ષમતાઓ માટેની સમાવેશકતા અને COVID-19 માટેના સંસાધનોનો સંગ્રહ
- **ILO, કોઈ પાછળ નથી છૂટી ગયું, હાલ પણ નહિ, ક્યારેય નહિ: COVID-19 સામેના પ્રતિસાદમાં અક્ષમતાઓ વાળા લોકો**
- મનો-સામાજિક અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓ માટેની ક્ષેત્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, COVID-19 અને ભલામણ કરાયેલા મનો-સામાજિક અક્ષમતાઓ ધરાવતા લોકો વિશે નિવેદન
- COVID-19 સામેના પ્રતિસાદમાં નબળા જૂથો પાછળ ન છૂટી જાય તે સુનિશ્ચિત કરવા માટે UN કામગીરી
- UN ESCAP: Covid-19 સામેના પ્રતિસાદમાં અક્ષમતા અંગેના અધિકારો અને સમાવેશકતાને સુનિશ્ચિત કરવી
- UN આંતર સંસ્થાકીય સ્થાયી સમિતિ, COVID-19: તેમની સ્વતંત્રતાથી વિમુખ રખાયેલ વ્યક્તિઓ પર ધ્યાન આપવું
- UNPRPD, ILO અન્યો, COVID-19 કટોકટી સામે અક્ષમતાને સમાવી લેતો સામાજિક સુરક્ષા પ્રતિસાદ
- UN દ્વારા વિશેષરૂપથી નિયુક્ત અને સ્વતંત્ર નિષ્ણાતો, COVID-19માં કોઈ અપવાદો નહિ:"દરેકને જીવન-રક્ષક પગલાંઓ માટેનો અધિકાર છે"
- અક્ષમતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો, COVID-19 વિશે UN દ્વારા વિશેષ નિમણૂંક કરાયેલ વ્યક્તિ:અક્ષમતા ધરાવતી વ્યક્તિઓને રક્ષણ કોણ આપી રહ્યું છે?
- UNFPA, લિંગ આધારિત હિંસા અને જાતીય તથા પ્રજોત્પત્તિ સ્વાસ્થ્યને સંબોધતી અને અક્ષમતાઓ ધરાવતી મહિલાઓ તેમજ યુવા વ્યક્તિઓ માટે અધિકારો પર આધારિત અને લિંગ આધારિત-પ્રતિસાદ સેવાઓ પૂરી પાડવા માટે માર્ગદર્શિકાઓ
- યુનિસેફ, COVID-19:અક્ષમતાઓ ધરાવતા બાળકો અને પુખ્તો માટે ધ્યાનમાં લેવાની બાબતો
- WHO, COVID-19 ફાટી નીકળવા દરમ્યાન અક્ષમતાઓ અંગેની વિચારણાઓ
- WHO, COVID-19ના સંદર્ભમાં, લાંબાગાળાની કાળજી સુવિધાઓમાં ચેપના નિવારણ અને નિયંત્રણ માટે માર્ગદર્શન, વચગાળાનું માર્ગદર્શન, 21 માર્ચ 2020

- WHO, જેલ અને કેદના અન્ય સ્થાનોમાં COVID-19નું નિવારણ અને નિયંત્રણ

---

[1] જુઓ http://www.sanita.sm/on-line/home/bioetica/comitato-sammarinese-di-bioetica/documents-in-english/documento2116023.html.

[2] જુઓ https://www.hhs.gov/sites/default/files/ocr-bulletin-3-28-20.pdf

[3] જુઓ https://www.khaleejtimes.com/coronavirus-pandemic/combating-coronavirus-uae-launches-home-testing-programme-for-people-of-determination

[4] જુઓ https://www.facebook.com/pg/chrgovph/photos/?tab=album&album_id=2681151298668065&__tn__=-UC-R

[5]જુઓ https://www.canada.ca/en/employment-social-development/news/2020/04/backgrounder--covid-19-disability-advisory-group.html

[6]એડેલિન કોમાસ-હેરેરા અને જોસેબાઝાલાકાઇન, "કાળજી ગૃહોમાં COVID-19ના ફેલાવા સાથે સંકળાયેલ મૃત્યુદર: પ્રારંભિક આંતરરાષ્ટ્રીય પુરાવો", આંતરરાષ્ટ્રીય લાંબા ગાળાનું કાળજી નીતિ નેટવર્ક, 12 એપ્રિલ 2020 પાનું 5.

[7] જુઓ http://www.health.gov.on.ca/en/pro/programs/publichealth/coronavirus/docs/2019_testing_guidance.pdf

[8] મનો-સામાજિક અક્ષમતાઓ ધરાવતા લોકો માટેની ક્ષેત્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા COVID-19 મહામારીના સંદર્ભમાં ભલામણોનું નિવેદન,https://dkmedia.s3.amazonaws.com/AA/AG/chrusp-biz/downloads/357738/COVID19-and-persons-with-psychosocial-disabilities-final_version.pdf પર

[9]ચીનમાં રોગ ફાટી નીકળવાની શરુઆતમાં, સેરેબ્રલ પાલ્સી ધરાવતી એક 16 વર્ષીય તરુણાવસ્થા વાળી વ્યક્તિનું મૃત્યુ થયું કારણ કે તેના પરિવારના સભ્યોને આઇસોલેટ કરવામાં આવ્યા હતા જેને કારણે તે કોઈ ટેકા વિના પાછળ છૂટી ગઈ હતી.

[10] પેરાગ્વેના ડિસેબિલિટી ફોકલ પૉઇન્ટે (SENADIS) બધિર સમુદાય માહિતી સુગમ કરી શકે તેને ઉત્તેજન આપવા તેને સાંકેતિક ભાષામાં પૂરી પાડવા માટે પોતાના સોશિયલ મીડિયાના ઉપયોગની જાહેરાત કરી.

[11]જુઓ SENADIS, Panamá toma medidas para la inclusión de las personas con discapacidad frente al covid-19, 3.1.

[12]જુઓ https://www.health.govt.nz/our-work/diseases-and-conditions/covid-19-novel-coronavirus/covid-19-novel-coronavirus-resources/covid-19-novel-coronavirus-new-zealand-sign-language

[13]જુઓ https://coronavirus.gob.mx.

[14] આર્જેન્ટિના, ડીક્રી 297/2020, કલમ 6.5.

[15] આવી કાર્યરીતિઓને રાજ્યો દ્વારા પ્રોત્સાહન અપાય છે, જેમ કે કોલમ્બિયા (જુઓ https://www.minsalud.gov.co/sites/rid/Lists/BibliotecaDigital/RIDE/DE/PS/asif13-personas-con-discapacidad.covid-19.pdf

[16]જુઓ SENADIS, *Panamá toma medidas para la inclusión de las personas con discapacidad frente al covid-19*, 3.3.

[17] જુઓ યુનાઇટેડ કિંગ્ડમ ઑફ ગ્રેટ બ્રિટન ઍન્ડ નોર્ધન આયર્લૅન્ડ, કોરોનાવાઇરસ ફાટી નીકળવા અંગેના FAQs: તમે શું કરી શકો અને શું નહિ, **કલમ 15**

[18]જુઓ Secrétariat d'Etat auprès du Premier Ministre chargé des personnes handicapées, અહીં https://handicap.gouv.fr/autisme-et-troubles-du-neuro-developpement/infos-speciales-coronavirus/article/information-covid-19-et-confinement

[19]જુઓ OECD, **બીમારી, *અક્ષમતા અને કામ.*** *અવરોધોને દૂર કરવા*, પાનું 23, અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓ અન્યોની સરખામણીમાં નિષ્ક્રિયતાના ઊંચા દરો દર્શાવે છે: **ક્રમશ: 49% થી 20%, એમ સૂચવતું.**

[20] જુઓ, UNDESA, *અક્ષમતા અને વિકાસ અહેવાલ*, પાનું 157, આકૃતિ II.81, અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓ સ્વયં-રોજગાર વાળા લોકોમાં 9% વધુ જોવા મળે છે (19 દેશોના આંકડા) એમ સૂચવતું

[21] બલ્ગેરિયા, રાજકીય ગેઝેટ, 24 માર્ચ 2020, કલમ.12; IMF, COVID-19 સામેના નીતિગત પ્રતિસાદો, https://www.imf.org/en/Topics/imf-and-covid19/Policy-Responses-to-COVID-19#T

[22] જુઓ https://www.argentina.gob.ar/noticias/bono-extraordinario-para-las-personas-con-discapacidad-que-cobran-pensiones-no

[23] જુઓ https://informations.handicap.fr/a-prime-solidaire-aah-covid-12818.php

[24] IMF,COVID-19 સામેના નીતિગત પ્ર`તિસાદો, https://www.imf.org/en/Topics/imf-and-covid19/Policy-Responses-to-COVID-19#T

[25] જુઓ https://www.benefits.gov/benefit/945

[26] દા.ત. પ્રાથમિક શાળા માટે, અક્ષમતા ધરાવતી વ્યક્તિઓનો અભ્યાસ પૂર્ણ કરવાનો દર અન્યોના 73%ની સરખામણીમાં 56% છે.

[27]યુનેસ્કોનો એવો અંદાજો છે કે અભ્યાસ બંધ થવાનીની વિશ્વભરના વિદ્યાર્થીઓની સંખ્યાના 91% પર અસર થઈ રહી છે. જુઓ https://en.unesco.org/covid19/educationresponse

[28] જુઓ USA, શિક્ષણ વિભાગ, **કોરોનાવાઇરસ રોગ 2019ના ફેલાવા દરમ્યાન અક્ષમતાઓ ધરાવતા બાળકોને સેવાઓ પૂરી પાડવા વિશે પ્રશ્નો અને ઉત્તરો**, માર્ચ 2020

[29] જુઓ https://educacion.gob.ec/wp-content/uploads/downloads/2020/03/Anexo-2-RECOMENDACIONES-A-LOS-DOCENTES-PARA-BRINDAR-APOYO-PEDAGÓGICO-A-LOS-ESTUDIANTES-EN-AISLAMIENTO-EN-FUNCIÓN-DE-PREVENIR-POSIBLES-CONTAGIOS-POR-ENFERMEDADES-RESPIRATORIAS.pdf

[30] જુઓ યુનાઇટેડ કિંગ્ડમ, https://www.gov.uk/guidance/supporting-your-childrens-education-during-coronavirus-covid-19. આ પણ જુઓ, https://www.gov.uk/guidance/help-children-with-send-continue-their-education-during-coronavirus-covid-19

[31] વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન, *COVID-19 અને મહિલાઓ સાથે હિંસા અંગે સ્વાસ્થ્ય ક્ષેત્ર/પ્રણાલી શું કરી શકે*, અહીં https://apps.who.int/iris/bitstream/handle/10665/331699/WHO-SRH-20.04-eng.pdf

[32] UNDESA, અક્ષમતા અને વિકાસ અહેવાલ, pp. 7, 16, 113-115, 249-252, અહીં https://social.un.org/publications/UN-Flagship-Report-Disability-Final.pdf; અક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓના અધિકારો પર વિશેષ નિયુક્ત વ્યક્તિ, A/72/133, પેરેગ્રાફ 35.

[33] એમા પીઅર્સ, *COVID-19 મહામારી દરમ્યાન GBV પ્રોગ્રામિંગમાં અક્ષમતા અંગેની ધ્યાનમાં લેવાની બાબતો*, અહીં https://gbvaor.net/sites/default/files/2020-03/Disability%20Considerations%20in%20GBV%20programming%20during%20COVID_Helpdesk.pdf

[34]પેરુ, Ministerio de Desarrollo e Inclusión Social, *Resolución Viceministerial N° 001-2020-MIDIS/VMPES*, 24 એપ્રિલ 2020, અહીં https://www.gob.pe/institucion/midis/normas-legales/484313-001-2020-midis-vmpes

[35] ઓસ્ટ્રેલિયાની રાષ્ટ્રીય જાતીય હુમલા, ઘરેલુ અને પારિવારિક હિંસા સલાહ સેવા https://www.1800respect.org.au/accessibility/ ; UKની કોરોનાવાઇરસ (COVID-19): ઘરેલુ દુરાચારનો ભોગ બનનારાઓ માટે ટેકો https://www.gov.uk/government/publications/coronavirus-covid-19-and-domestic-abuse/coronavirus-covid-19-support-for-victims-of-domestic-abuse#disability-specialist-services

[36] પીનલ રીફોર્મ ઇન્ટરનેશનલ્સ, વૈશ્વિક કેદખાના વલણો 2020, https://cdn.penalreform.org/wp-content/uploads/2020/04/Global-Prison-Trends-2020-Penal-Reform-International.pdf પર

[37] માર્ગદર્શન: કોરોનાવાઇરસ (COVID-19) અને કેદખાનાઓ https://www.gov.uk/guidance/coronavirus-covid-19-and-prisons પર

[38]https://www.prisonpolicy.org/virus/virusresponse.html

[39] કોલમ્બિયા, Decreto legislativo 546, 14 એપ્રિલ 2020, https://dapre.presidencia.gov.co/normativa/normativa/DECRETO%20546%20DEL%2014%20DE%20ABRIL%20DE%202020.pdf પર

[40] આર્જેન્ટિના, ન્યાયની રાષ્ટ્રીય સુપ્રિમ કોર્ટ, *Acordada10/2020*, અને પૂરક કાયદો, ફોજદારી અપીલ માટેની ફેડરલ કોર્ટ, *Acordada 9/2020*, અહીં https://cnpt.gob.ar/wp-content/uploads/2020/04/Acordada-9.20-CFCP.pdf

[41] બ્રાઝિલ, નેશનલ જસ્ટિસ કાઉન્સિલ, ભલામણ 62, 17 માર્ચ 2020, અહીં https://www.cnj.jus.br/wp-content/uploads/2020/03/62-Recomenda%C3%A7%C3%A3o.pdf